# રાજ્યમાં પ્રિ-પ્રાયમરી સ્કૂલનું રજિસ્ટ્રેશન ફરજિયાત

## જુનિયર કેજી, સિનિયર કેજી માટે સરકારની નવી નીતિ : નિયમોના ભંગ બદલ ૨૫ હજાર સુધીના દંડની જોગવાઈ પણ નવી પોલિસીમાં કરાઈ

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં હજારોની સંખ્યામાં ખાનગી ધોરણે મંજૂરી વિના પ્રિ-પ્રાયમરી સ્કૂલો નર્સરી, સિનયર, જુનિયર કેજી, બાલ વાટીકા ધમધમી રહી છે. ત્યારે પ્રિ-પ્રાયમરી સ્કૂલને લઈને રાજ્ય સરકારે નવી પોલિસી બનાવી છે. જે મુજબ રાજ્યમાં હવે પ્રિ-પ્રાયમરી સ્કૂલનું રજિસ્ટ્રેશન કરાવવું પડશે. આ માટે સરકારમાં ૫ હજાર રૂપિયા રજિસ્ટ્રેશન ફી પણ ચૂકવવી પડશે.

રાજ્ય સરકારની નવી પોલિસીમાં જણાવવામાં આવ્યું છે કે, ગ્રામ વિસ્તારમાં આવેલી પ્રિ-પ્રાયમરી સ્કૂલોનું સંચાલન જિલ્લા શિક્ષણ અધિકારી અને મનપા-નગરપાલિકા વિસ્તારમાં આવેલી નર્સરી, સિનયર, જુનિયર કેજીનું સંચાલન જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી કરશે.

વર્તમાન સમયમાં જે ખાનગી સંસ્થાઓ આ પ્રકારની સ્કૂલો ચલાવે છે, જે નોન ગ્રાન્ટેડ છે તેવી સંસ્થાઓએ એક વર્ષમાં નવું રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. આ ઉપરાંત કોઈ નવી સંસ્થા પણ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને જિલ્લા શિક્ષણ અધિકારી પાસે નોંધણી કરાવ્યા વિના શરૂ થઈ શકશે નહીં. રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ ૩ વર્ષથી ૬ વર્ષના બાળકોને પ્રવેશ આપી શકાશે. આ ઉપરાંત ઓથોરિટીની મંજૂરી વગર કોઈ સંસ્થા બંધ કરી શકાશે નહીં. જો કોઈ પ્રિ-પ્રાયમરી વર્ગો બંધ કરવા માંગે છે તો તેમણે ૬ મહિના અગાઉ આ અંગની જાણ કરવાની રહેશે. નિયમોના ભંગ બદલ હજારથી ૨૫ હજાર સુધીના દંડની જોગવાઈ પણ આ નવી પોલિસીમાં કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક અંદાજા મુજબ ગુજરાતભરમાં અત્યારે ૫૩૦૦૦ની આસપાસ નર્સરી, સિનયર, જુનિયર કેજી ચાલે છે. જેમાં અંદાજે ૨૦ લાખ જેટલા બાળકો અભ્યાસ કરી રહ્યા છે.

# અમદાવાદ શહેરમાં ૧૪૬મી રથયાત્રાની તૈયારીઓ પૂરજોશમાં

## અમદાવાદમાં રથયાત્રાની શરૂઆત ૧૮૭૮માં થઈ હતી ; દર વર્ષે પુરીમાં ભગવાનના રથનું નિર્માણ થતું હોય છે, પરંતુ ૭૨ વર્ષ બાદ અમદાવાદના રથનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે



અમદાવાદ, તા.૨૨

૧૪૬મી રથયાત્રાની અમદાવદામાં તડામાર તૈયારી કરવામાં આવી રહી છે. ખલાસી બંધુઓ દ્વારા રથનું રિહર્સલ કરવામાં આવશે. ખાસ તો નવા રથનાં સ્ટેરીંગની ચકાસણી કરવામાં આવશે. રથયાત્રામાં રૂટ પર આવતી ગલીઓમાં રથ વળશે કે કેમ તેની ચકાસણી કરવામાં આવશે. અને જો કોઈ જો કોઈ ક્ષતિ હોય તો રથયાત્રા પહેલા તેમાં સુધારો કરવામાં આવશે. અષાઢી બીજના દિવસે જગન્નાથપુરીની સાથે અમદાવાદમાં પણ રથયાત્રા નીકળે છે. આ વખતે ૧૪૬મી રથયાત્રા નીકળશે. અમદાવાદની રથયાત્રાનું મુખ્ય આકર્ષણ ભગવાનના રથ હોય છે. જોકે દર વર્ષે પુરીમાં ભગવાનના રથનું નિર્માણ થતું હોય છે. પરંતુ ૭૨ વર્ષ બાદ અમદાવાદના રથનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ શહેરમાં રથયાત્રાની શરૂઆત ૧૮૭૮માં થઈ હતી. મહંત નરસિંહદાસજી મહારાજે અમદાવાદમાં રથયાત્રાની શરૂઆત કરાવી હતી. આમ વર્ષો બાદ આજે પણ ભવ્ય રીતે રથયાત્રા નીકળે છે અને ભગવાન નગર ચર્યાએ નીકળીને નગરજનોને દર્શન આપે છે. ૨૦૨૩ માં ૧૪૬મી રથયાત્રા નીકળશે. આ માટે હાલ ભગવાન જગન્નાથજી, ભાઈ બલબદ્ર અને બહેન સુભદ્રાજી માટે ત્રણેય નવા રથનું નિર્માણ થઈ રહ્યું છે. પરંપરા જળવાઈ રહે તે પ્રમાણે રથનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. મંદિરની પરંપરા પ્રમાણે નવા રથની સાઈઝ છે. રથ નિર્માણ માટે સાગ અને સીસમના લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ લાકડું વધઈથી મંગાવવામાં આવ્યું છે. ભગવાનના નવા રથ ૮૦ વર્ષ સુધી ચાલે તેવા બનાવવામાં આવશે. રથ બનાવવામાં અંદાજી ચાર મહિના જેટલો સમય લાગશે. ૫ કારીગર દ્વારા રથનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. જૂના રથ કરતા નવા રથમાં થોડો ફેરફાર કર્યા છે. રથ બનાવવા માટે સાધના લાકડાના તેમજ પૈડા બનાવવા માટે સીસમના લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રચનામાં થોડો ફેરફાર કરાયો છે, નવા રથ એકવાર બન્યા પછી ૮૦ વર્ષ સુધી ચાલે તે પ્રમાણે મજબૂતાઈથી બનાવવામાં આવી રહ્યા છે. ત્રણે રથની થીમ કેવી રહેશે તે જાણવા માટે લોકો ઉત્સાહશે ત્યારે પ્રથમ રથની ડિઝાઈન દેવી-દેવતાઓની મૂર્તિઓ અને સુદર્શન ચક્રની થીમ પર બનશે. બીજા રથ સુભદ્રાજીના લાલ અને પીળા રંગ સાથે નવ દુર્ગાની થીમ પર બનાવવામાં આવશે ત્રીજા બળભદ્રજીના રથને ચાર અશ્વની થીમ પર બનાવવામાં આવશે. જુના રથ કરતા નવા બનનારા ત્રણેય રથ નજીવા ફેરફાર કરાયા છે અને રચનામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

# ઉનાળુ મગની ૧ લી જૂનથી ટેકાના ભાવે ખરીદી શરૂ થશે

ગાંધીનગર, તા.૨૨

રાજ્યના ખેડૂતોના હિત માટે ગુજરાત સરકાર હરહંમેશ પ્રયત્નશીલ રહી એક પછી એક મહત્વપૂર્ણ નિર્ણયો કરી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ધરતીપુત્રોના હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે અને તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી વર્ષ ૨૦૨૨-૨૩માં ઉનાળુ મગની ટેકાના ભાવથી ખરીદવાનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. ઉનાળુ મગ પાકનો ટેકાનો ભાવ રૂ.૭૭૫૫ પ્રતિ કિવ. રહેશે, તેમ ખેતી નિયામકની યાદીમાં જણાવાયું છે. વધુમાં જણાવ્યા અનુસાર રાજ્યના તમામ જિલ્લાઓમાં ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી કરવા માટે તા. ૨૯-૦૫-૨૦૨૩થી ગ્રામ્ય કક્ષાએ ફઝઈ મારફતે ઓનલાઈન નોંધણી શરૂ કરવામાં આવશે. વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને રાખીને ઉનાળુ મગની ખરીદી માટે રાજ્યમાં ૩૭ ખરીદ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. આ કેન્દ્રો ખાતે ટેકાના ભાવે ખરીદી તા.૧/૦૬/૨૦૨૩ ના રોજથી શરૂ કરવામાં આવશે. અને ઓનલાઈન નોંધણી પણ ચાલુ રહેશે. રાજ્યના ખેડૂતો કોઈપણ તકલીફ વગર સરળતાથી પોતાના ઉત્પાદનો ટેકાના ભાવે વેચી શકે તે માટે કૃષિ વિભાગ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે.

આગોતરા આયોજન અને તમામ આનુશાંગીક તૈયારીની સમીક્ષા માટે બેઠક યોજી હતી અને રાજ્યના ખેડૂત ભાઈઓને ટેકાના ભાવે ખરીદીનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

# ઉનાળામાં શાકભાજીના ભાવમાં ધરખમ ઘટાડો

અમદાવાદ, તા.૨૨

ઉનાળો આવતાની સાથે જ શાકભાજીના ભાવ વાસમાને પહોંચતા હોય છે. કારણ કે ઉનાળામાં શાકભાજીનું ઉત્પાદન ઓછું થાય છે. જોકે, આ ભાવ શિયાળાની શરૂઆત થતાની સાથે જ ઘટતા હોય છે, પરંતુ આ વર્ષે રહેલા અનિયમિત વાતાવરણને લીધે શાકભાજીનું ઉત્પાદન વધતાં ઉનાળામાં જ શાકભાજીના ભાવ શિયાળા જેવા થઈ ગયા છે. ઉનાળામાં પાકનું ઉત્પાદન ઓછું થતું હોય અને બજારમાં માંગ વધુ હોય ઉનાળામાં શાકભાજીના ભાવ વધી જતાં હોય છે અને શિયાળાની સિઝન આવતાં જ ભાવ ઘટવા લાગતા હોય છે. પરંતુ આ વખતે વાતાવરણમાં અનિયમિતતા રહેતા ઉનાળામાં પણ શાકભાજીના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ વર્ષે અત્યાર સુધી કાળઝાળ ગરમી પડી નથી અને એક પછી એક માવઠું થઈ રહ્યું છે. આ માવઠાને લઈ શાકભાજીનું ઉત્પાદન વધુ થયું છે. બજારમાં શાકભાજીનો જથ્થો આવતા આ વર્ષે શિયાળા જેવો ભાવ જોવા મળી રહ્યો છે.

અમદાવાદમાં આ વખતે ઉનાળામાં શાકભાજીમાં પ્રતિ કિલો દીઠ ૧૦ થી ૨૦ રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે.

# ૨૪ મે બાદ તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રી ઘટાડો નોંધાશે

## રાજ્યમાં ભેજનું પ્રમાણ વધશે : ગાંધીનગરમાં તાપમાનનો પારો ૪૧ ડિગ્રીથી વધવાનો છે : કમોસમી વરસાદની સંભાવના નથી

અમદાવાદ, તા.૨૨

રાજ્યમાં ગરમી પોતાના તેવર દેખાડી રહી છે. બીજી બાજુ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે હવામાં ભેજનું પ્રમાણ પણ વધી રહ્યુ છે. જેના કારણે લોકોને ગરમી સાથે બફારાનો ડબલ માર સહન કરવો પડી રહ્યો છે. આ ગરમી અને બફારા વચ્ચે હવામાન વિભાગે વધુ એક આગાહી કરી છે. જેમાં તેમણે જણાવ્યુ છે કે, હાલ પાંચ દિવસ રાજ્યનું હવામાન સૂકું રહેશે. અમદાવાદ અને ગાંધીનગરમાં તાપમાનનો પારો ૪૧ ડિગ્રીથી વધવાનો છે. જ્યારે હાલ કમોસમી વરસાદની કોઈ સંભાવના નથી. અમદાવાદના હવામાન કેન્દ્રના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૈહાણના જણાવ્યા પ્રમાણે, આગામી ૫ દિવસ રાજ્યનું હવામાન સૂકું રહેવાની સંભાવના છે. જ્યારે તાપમાનની વાત કરીએ તો તેમાં મોટા ફેરફાર થવાની સંભાવનાઓ નથી. અમદાવાદમાં આકરી ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા અમદાવાદ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. તેમણે એમ પણ જણાવ્યુ કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ભેજનું પ્રમાણ વધવા લાગશે તેમ તાપમાનમાં સામાન્ય ઘટાડો થવાની સંભાવના છે. આ સિવાય ગાંધીનગર, રાજકોટ, અમરેલી, કંડલા, ભૂજ, વલ્લભ વિદ્યાનગરમાં આગામી પાંચ દિવસ દરમિયાન ભેજનું પ્રમાણ રહેશે. પરંતુ વરસાદ થવાની કોઈ સંભાવના ના હોવાનું પણ જણાવાયુ છે.

આ સાથે તેમણે આગાહી પણ કરી છે કે, ત્રણ દિવસ બાદ ગરમીમાં આંશિક રાહત રહેશે અને તાપમાનમાં ઘટાડો થશે. ૨૪ મે બાદ તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રી ઘટાડો નોંધાશે.

# ગાંધીધામની આંગડિયા પેઢીમાં એક કરોડની લૂંટ

## બંદૂકના નાળચે લૂંટને આપ્યો અંજામ : હાલ પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી મેળવી લૂંટારૂઓને પકડવા માટે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે

કચ્છ, તા.૨૨

કચ્છના ગાંધીધામમાં ધોળા દિવસે હથિયાર સાથે આવેલા ચાર લૂંટારૂઓએ એક કરોડની લૂંટને અંજામ આપ્યો છે. હેલ્મેટ પહેરી આવેલા હથિયારધાર લૂંટારૂઓએ આંગડિયા પેઢીમાં એક કરોડની મતા લૂંટી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. હાલ પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી મેળવી લૂંટારૂઓને પકડવા માટે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. લૂટારીઓને ઝડપી લેવા માટે પોલીસે અલગ અલગ વિસ્તારમાં નાકાબંધી કરી છે. અલગ અલગ ટીમ બનાવી ફરાર લૂંટારૂને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

લૂંટારૂઓ બંદુકની અણીએ કરોડોની લૂંટ કરી આરામથી ફરાર થઈ રહ્યા હોય તેવા દૃશ્યો સીસીટીવીમાં સામે આવ્યા છે. મોટી લૂંટની આ ઘટના માટે હાલ પોલીસ માટે આ સીસીટીવી ફુટેજ જ મુખ્ય કડીરૂપ બન્યા છે. ત્યારે પોલીસે સીસીટીવીને આધારે તપાસ તેજ કરી છે.



# સુરતમાં બે દિવસ બાગેશ્વર ધામના બાબાનો દિવ્ય દરબાર

સુરત, તા.૨૨

ગુજરાતના અલગ અલગ શહેરમાં બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાવાના છે. જેને લઈ રાજકોટ, અમદાવાદ બાદ હવે સુરતમાં પણ બાબાના કાર્યક્રમને લઈ પૂર જોશમાં તૈયારીઓ ચાલી રહી છે. ધીરેન્દ્ર શાસ્ત્રીના કાર્યક્રમના આયોજનને લઈ ધારાસભ્ય સંગીતા પાટીલ તેમજ આયોજક કિરણ પટેલનું નિવેદન સામે આવ્યું છે.

સુરતમાં બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાવાનો છે, ૨૬ અને ૨૭ મેના રોજ બાબાના દિવ્ય દરબારલે લઈ તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે, જે કાર્યક્રમ અંગે ધારાસભ્ય સંગીતા પાટીલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, કીર્તિદાન ગઢવી સહિત અને કલાકારો દિવ્ય દરબારમાં આવશે તેમજ આયોજન માટે અલગ અલગ ૧૨ સમિતિઓ બનાવાઈ છે તેમજ અનેક લોકો આયોજનમાં જોડાયા છે. સંગીતા પાટીલે વધુમાં જણાવ્યું કે, જુદા જુદા ૫ સ્થળોએ પાર્કિંગની વ્યવસ્થા હશે

દિવ્ય દરબારના આયોજક કિરણ પટેલનું નિવેદન સામે આવ્યું છે તેમણે કહ્યું કે, ધીરેન્દ્ર શાસ્ત્રીના દરબારમાં ૪ લાખ લોકો આવશે. તેમણે કહ્યું કે, સંપૂર્ણ કામ આયોજન સમિતિને સોંપલું છે તેમજ આ કાર્યક્રમ ભવ્ય થશે તેવી આશા પણ છે જે સુરતમાં આજ સુધી કાર્યક્રમ ન થયો હોય તેવો થશે.

૨૬ અને ૨૭ મેના રોજ સુરત ખાતે પણ બાબા બાગેશ્વરનો કાર્યક્રમ યોજવાનો છે. શહેરના લિંબાયતના નિલગીરી મેદાન ખાતે બાબા બાગેશ્વરનો કાર્યક્રમ યોજવાનો છે.

# ભાવનગરમાં મકાનનો દાદરનો ભાગ ધરાશાયી

ભાવનગર, તા.૨૨

ભાવનગર શહેરનાં ભરતનગર વિસ્તારમાં આવેલ કૈલાસ સોસાયટીમાં મકાનનો દાદારનો ભાગ ધરાશાયી દુર્ઘટનાં ઘટી છે. મળતી વિગતો પ્રમાણે ધરાશાયી મકાનમાંથી ૬ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. જો કે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થવા પામી નથી. સુત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે હાઉસિંગ બોર્ડનાં ત્રણ માળિયા અને મકાનનો દાદર ધરાશાયી થતા લોકો મકાનમાં ફસાયા હતા.

ભાવનગર શહેરનાં બનેલી દુર્ઘટનામાં કૈલાસ સોસાયટીમાં મકાનનો દાદારનો ભાગ ધરાશાયી થયાની વિગતો સામે આવી છે.

# રાજ્યમાં આરટીઈ એડમિશન રી ચેક કરવા આદેશ

## જરૂરીયાતમંદ બાળકો અને વાલીઓ વંચિત રહી જતાં શિક્ષણ વિભાગ દ્વારા ટ્રેકિંગ સિસ્ટમમાં ફેરફાર કરવું જરૂરી બન્યું

રાજકોટ, તા.૨૨

રાજકોટ શહેર અને જિલ્લામાં ગેરરીતિ કરીને વાલીઓએ આરટીઈ હેઠળ તેમના બાળકોના એડમીશન લેવાનો પ્રયાસ કર્યો છે. મીડિયામાં અહેવાલ આવ્યા બાદ રાજ્યસરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યભરમાં આરટીઈ હેઠળના એડમિશન રી ચેક કરવાનાં આદેશ આપવામાં આવ્યા છે. જેમાં મોટી સંખ્યામાં વાલીઓએ પોતાના બાળકોના આરટીઈ હેઠળ એડમીશન લઈ લીધા હોવાનું સામે આવ્યું છે અને આ વિદ્યાર્થીઓમાં એડમિશન રદ કરવાની કાર્યવાહી શિક્ષણ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે.

રાજકોટમાં ૬ હજાર જેટલા આરટીઈ અંતર્ગત બાળકોને પ્રવેશ આપવામાં આવ્યા છે.જેમાંથી ૪૦૦ જેટલા બાળકોના વાલીઓએ ખોટી રીતે એડમિશન લઈ લીધા હોવાનું સામે આવ્યું છે.જેમાં કેટલાક બાળકોએ તો ગતવર્ષે ફી ભરીને પહેલું ધોરણ ભણી લીધા બાદ ફરીથી આ વર્ષે પહેલા ધોરણમાં આરટીઈ અંતર્ગત પ્રવેશ મેળવી લીધો હતો.જેમાં નામ સાથે ક્યાંકને ક્યાંક ચેડાં કરીને ઓનલાઇન સિસ્ટમને છેતરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.જિલ્લા શિક્ષણ અધિકારી બી એસ કૈલાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ પ્રકારના વિદ્યાર્થીઓને ટ્રેકિંગ સિસ્ટમથી શોધીને શાળાઓને પ્રવેશ રદ કરવા આદેશ પણ આપવામાં આવ્યા છે અને એડમિશન રદ કર્યા બાદ જે જગ્યાઓ ખાલી થશે, તેમાં જરૂરિયાત વાળા અન્ય વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવશે.

વાલીઓ ઓનલાઇન પ્રક્રિયામાં બાળકના નામ સાથે કોઈને કોઈ રીતે નાનામોટા ફેરફાર કરી નાખે છે. જેથી ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમમાં તે સામે ન આવે. શિક્ષણ વિભાગે આધારકાર્ડ સાથે કનેક્ટ સિસ્ટમ બનાવવી જોઈએ. જેથી તેના નંબર પરથી જો કોઈ વાલી નામ સાથે ચેડાં કરીને પણ એડમિશન લેવાનો પ્રયાસ કરે તો પણ તે સિસ્ટમમાં પકડાઈ જાય અને ગેરરીતિ ન આચરી શકે.

આરટીઈ અંતર્ગત ભણતર ગરીબ પરિવારના બાળકો સારી ખાનગી શાળાઓમાં ભણતર મેળવી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે.

પરંતુ આ પ્રકારે જેમને જરૂરિયાત નથી તેવા વાલીઓ પણ ગેરરીતિ આચરીને પોતાના બાળકોને પ્રવેશ લેવડાવી લેતા ખરેખર જેમને જરૂરિયાત છે તેવા બાળકો અને વાલીઓ આ લાભથી વંચિત રહી જાય છે.

# JadeBlueની હરિયાળી પહેલ ગાંધીનગરમાં તળાવનું રિસ્ટોરેશન હાથ ધર્યુ

ગાંધીનગર, તા. ૨૨

જાણીતા મેન્સ ક્લોથિંગ રિટેલર અને પર્યાવરણના રક્ષણના હિમાયતી જેડબ્લુ (JadeBlue) એ ગાંધીનગરના ટિંટોડા ગામમાં બોપલા તળાવ અને બાયો ડાઈવર્સિટીના પુનઃ સંગ્રહ માટે એક હરિયાળી પહેલ હાથ ધરી છે. જેડબ્લુ લાઈફસ્ટાઈલ ઈન્ડિયાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાંભવ ચૌહાણે જણાવ્યું કે 'અમારી કંપનીની CSR પહેલના ભાગરૂપે આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ૧૦ એકર વિસ્તારમાં તળાવને પુનઃ સ્થાપિત કરશે. જેમાં ૧૫ કરોડ લિટર પાણીનો સંગ્રહ થશે અને ટિંટોડા ગામ તથા તેની આસપાસના વિસ્તારોને મોટો લાભ આપશે. 'જેડબ્લુ લાઈફસ્ટાઈલ ઈન્ડિયાએ આ તળાવ અને તેની આસપાસના વિસ્તારોને પુનઃ જીવંત કરવાની જવાબદારી ઉપાડી છે.

આ પ્રોજેક્ટ વિશે વધુ વિગતો આપતા શાંભવ ચૌહાણે જણાવ્યું કે 'તળાવના પુનઃ સ્થાપનની સાથે સાથે અમે તળાવની અંદરના ત્રણ આઈલેન્ડ પર હજારો રોપાઓનું વાવેતર કરીશું. આ વિસ્તારની મૂળ બાયોડાઈવર્સિટી પુનઃ સ્થાપિત કરવા અને પક્ષીઓ, મધમાખીઓ, પતંગિયાઓ, જંતુઓ માટે સંપૂર્ણ વસવાટ બનાવવાના માપદંડો પર આ છોડની પસંદગી કરવામાં આવી છે. અહીં વાંસનું વાવેતર પણ કરવામાં આવશે જે વાતાવરણમાં વધુ ઓક્સિજન છોડશે. ભૂગર્ભજળને રિચાર્જ કરવા માટે પરકોલેશન પિટ બનાવવામાં આવશે.'

કંપનીના ડિઝાઈન હેડ અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સિદ્ધેશ ચૌહાણે જણાવ્યું કે આ તળાવનું બ્યુટિફિકેશન કરવામાં આવશે જેથી સ્થાનિક લોકો માટે તે આનંદપ્રમોદનું કેન્દ્ર બની શકે. તળાવની આજુબાજુ એક પાથવે પણ બનાવવામાં આવશે અને બાઉન્ડ્રી પર તેને વેટીવર ઘાસથી સુશોભિત કરવામાં આવશે જે તળાવને શુદ્ધ કરે છે અને બાઉન્ડ્રીને મજબૂત બનાવે છે.

## ખબરદાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પેડેસ્ટ્રીયનની જ અવરજવર રહે તે માટે હાયડ્રોલિકલ બોસાર્ડ તેમજ એલ.એસ.બોસાર્ડ લગાડવામાં આવેલ છે. આ પાર્કિંગની સુવિધાનું લોકાર્પણ થયા પછી મનપાએ હાલ તો જીઆઈએફએસના જવાનોને આ જવાબદારી સોંપી છે. આ પછી આગામી ૧૦મી જૂનથી દંડનીય કાર્યવાહી શરૂ કરવામાં આવશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## ફેરફાર કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંભાવનાઓ છે. જો કે દરેક જિલ્લામાં વરસાદની પેટર્ન પર નુકશાન અંગેના સર્વે કરવાનો થાય છે. વરસાદની પેટર્નમાં સતત બદલાવ જોવા મળી રહ્યો છે. તાલુકાઓમાં પણ ખંડીયવૃષ્ટિનો માહોલ જોવા મળી રહ્યો છે તેથી વર્તમાન નુકશાન સહાય સર્વે સહિતના મુદ્દાઓમાં ઝીણવટભર્યો અભ્યાસ જરૂરી જણાયો હોવાનુ વિભાગના સૂત્રો સ્વીકારી રહ્યા છે.

## જોર વધ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે નગરજનો રાત્રિના સમયે બરફ ગોળાની મોજ માંણે છે જયારે ઠંડા પીણા તેમજ આઈસ્ક્રીમનુ વેચાણ પણ વધી ગયુ છે. ગરમીનુ જોર ઘટતુ નથી જયારે આ સ્થિતિ વચ્ચે નગરજનો પણ સતત હીટવેવની અસરથી બેબાકળા બન્યા છે.

## ઝડપાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુવાનોને અલકાયદામાં જોડાવા પ્રેરિત કરે છે. તેમજ અલકાયદા તન્ઝીમનો ફેલાવો કરવા માટે ફંડ ઉઘરાવી તેના આગેવાનોને પહોંચાડે છે. આ ઈનપુટના આધારે ગુજરાત એટીએસ દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી અને મોહમ્મદ સોજીબમીયાં અહેમદઅલીની પુછપરછ કરવામાં આવી હતી.

એટીએસ દ્વારા કરાયેલી પુછપરછમાં સોજીબમીયાંએ કહ્યું હતું કે, તે બાંગ્લાદેશના મ્યેમનસિંહ જિલ્લાના ખુદરો ગામનો રહેવાસી છે. તેના ઘણા સંપર્કો દ્વારા અલકાયદાની વિચારધારાથી પ્રેરિત થયેલ અને ત્યાર બાદ તે અલકાયદાનો સભ્ય બન્યો હતો. સોજીબમીયાં તેના બાંગ્લાદેશી હેન્ડલર શરીફૂલ ઈસ્લામ સાથે સંપર્કમાં હતો. જેણે સોજીબને અલકાયદામાં જોડાવા માટે પ્રેરણા આપી હતી. શરીફૂલ ઈસ્લામ દ્વારા સોજીબમીયાનો પરિચય અલકાયદાના બાંગ્લાદેશના મ્યેમનસિંહ જિલ્લાના પ્રમુખ શાયબા નામના ઈસમ સાથે કરાવી હતી. શાયબા દ્વારા મોહમ્મદ સોજીબમીયા વગેરેને અન્ય યુવાનોને કટ્ટરપંથી બનાવવા, અલકાયદામાં જોડાવા અને સંગઠન માટે ભંડોળ એકત્ર કરવાનુ કામ સોંપવામાં આવ્યું હતું.

સોજીબમીયાએ તેના સાગરીતો મુન્ના ખાલીદ અન્સારી અને અઝારૂલ ઈસ્લામ કફિલુદ્દિન અન્સારી પણ અલકાયદા સાથે જોડાયેલ છે તથા ભારતમાં પ્રવેશ કરીને ખોટા દસ્તાવેજોના આધારે ભારતમાં વસવાટ કરી રહ્યાં છે. તે ઉપરાંત તેઓ અલકાયદા માટે ફંડ એકત્રિત કરવાનું તથા અલકાયદાની વિચારધારા ફેલાવવાનું કામ કરી રહ્યાં છે. આ તમામ ઈસમો ગુજરાતમાં ઘણા વ્યક્તિઓના પરિચયમાં આવ્યાં છે. તેમણે અનેક લોકો પાસેથી નાણાં એકત્ર કરેલ છે. એટીએસની ટીમ દ્વારા તપાસ કરવામાં આવતાં સર્ચ દરમિયાન બોગસ આધારકાર્ડ તથા પાનકાર્ડ મળી આવેલ છે. આ ઉપરાંત પ્રતિબંધિત આતંકવાદી સંગઠન અલકાયદાની મીડિયા વિંગ દ્વારા પ્રકાશિત કટ્ટરવાદી સાહિત્ય પણ મળી આવ્યું છે. આ બાબતમાં ગુજરાત એટીએસ ખાતે આ ચારેય વિરુદ્ધ યુએપીએ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## ફરી હિંસા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જનજાતિના દરજ્જાની તેમની માંગનો વિરોધ કરવા માટે ૩ મેના રોજ એકતા કૂચ કર્યા પછી પહાડી રાજ્યમાં અથડામણો ફાટી નીકળી હતી. એક અઠવાડિયાથી વધુ સમય સુધી ચાલેલી હિંસામાં ૭૦થી વધુ લોકોના મોત થયા હતા. હિંસા પ્રભાવિત વિસ્તારોમાં દુષ્કર્મીઓ દ્વારા કરોડોની સરકારી સંપત્તિને આગ લગાવી દેવામાં આવી હતી.

## પરત ફરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે સ્ટોપ પર રોકી શકાતી નથી અને જ્યાં સુધી તે અટકે છે ત્યાં સુધીમાં થોડા મીટર આગળ નીકળી જાય છે. વેનાડ એક્સપ્રેસ થોડા અંતર દૂર ગઈ હતી અને તેથી તેને સ્ટેશન સુધી લગભગ ૭૦૦ મીટર પાછા આવવું પડ્યું હતું. શિડ્યૂલમાં લગભગ આઠ મિનિટ જેટલું મોડું થયું હતું પરંતુ ડ્રાઈવરોએ બાદમાં તેને પૂરું કર્યું હતું', તેમ એક અધિકારીએ જણાવ્યું હતું. મુસાફરોને કોઈ પ્રકારની અગવડતાનો સામનો કરવો ન પડ્યો હોવાથી જે કંઈ ઘટના બની તે મોટી ન હોવાનું રેલવેના સૂત્રોએ ગણાવ્યું હતું.